**FGT-01**

**BDP / BCA / BTS**

**Term-End Examination**

**December, 2022**

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

---

*આ પ્રશ્નપત્રમાં કુલ **6** પ્રશ્નો આપવામાં આવ્યા છે. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના છે.*

---

**1.** નીચેના પૈકી ગમે તે ***એક*** વિષય પર નિબંધ લખો. *8*

(a) મારાં શૈશવનાં સંસ્મરણો

(b) પ્લાસ્ટીકની પારાયણ

(c) જો ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવે તો

(d) વધતા જતા વૃદ્ધાશ્રમો

**2.** નીચેના પૈકી કોઈ પણ ***ચાર*** પ્રશ્નોના ઉત્તર આપો. *8*

(a) વિચારવાની વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ?

(b) 'કલ્યાણકામનો અતિથિ'માં રજૂ થયેલા હાસ્યરસનું મૂલ્યાંકન કરો.

(c) રાષ્ટ્રના હિતમાં બાધા રૂપ અનેક ધર્મો અને જ્ઞાતિઓ કઈ રીતે ?

(d) લોકજીવનને ધબકતું રાખવામાં ચોરો શો ભાગ ભજવતો હતો ?

(e) આજન્મ સંબંધ તો ઋણાનુબંધની ઋજુગરવી કવિતા છે – સ્પષ્ટ કરો.

(f) વર્તમાન સમયમાં અનુવાદનું સવિશેષ મહત્ત્વ શાથી છે ?

**3.** (a) કૌસમાં આપેલાં શબ્દોમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો. *4*

(i) લેખકના મત મુજબ આજનું પત્રકારત્વ આપણી ________ નષ્ટ કરી રહ્યું છે. (લાજશરમ, નીતિમત્તા, સંવેદનશીલતા)

(ii) ________ લોકો લિપિચિહ્નો ડાબી બાજુથી જમણી બાજુ લખતા. (સેમેટિક, ચીન, સુમેર)

(iii) પ્લાસ્ટીક માટેનાં મૂળ દ્રવ્યો ________ માંથી મળે છે.

(પેટ્રોલિયમ, વનસ્પતિ, પથ્થર)

(iv) આધુનિક રસાયણના પિતા તરીકે ________ ઓળખાય છે.

(ગ્લોબર, રૉબર્ટ બોઈલ, રૉબર્ટ હૂક)

(b) સમાસનો વિગ્રહ કરી તેને ઓળખો. *4*

(i) જાણ્યેઅજાણ્યે –

(ii) કુમકુમતિલક –

(iii) જીવનધોરણ –

(iv) મિષ્ટાન્ન –

**4.** (a) નીચેના પૈકી ગમે તે *બે* વિશે ટૂંક નોંધ લખો. *6*

(i) સુંદરજીશેઠની દિલાવરી

(ii) જમીન ધોવાણથી સર્જાતાં અનિષ્ટો

(iii) આત્મૌપમ્ય ભાવ

(b) રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (કોઈ પણ *બે*) *4*

(i) પેટિયું ન લેવું

(ii) જીવ પડીકે બંધાવો

(iii) આકાશ પાતાળ એક કરવાં

**5.** નીચેના કથનો સમજાવો. (કોઈ પણ *બે* ) *6*

(a) કુદરતી વનો કપાતાં જાય છે અને સિમેન્ટ-કોંક્રિટનાં વનો રચાતાં જાય છે.

(b) માનવશરીર એ એક જટિલ રાસાયણિક કારખાનું છે.

(c) જે કામ તલાટીએ કરવાનું હોય એમાં પ્રધાનને લાવવાથી શું ?

**6.** (a) વિવિધ પ્રકારના ધ્વનિના નિર્માણમાં ભાગ ભજવતા વાગ્ અવયવો જણાવો. *7*

(b) 'ગુજરાતી ભાષાની જોડણી પરત્વે બેકાળજી અને અંગ્રેજી ભાષાની જોડણી પરત્વે અતિ કાળજી' – આ વિધાન અંગે તમારા પ્રતિભાવ જણાવો. *3*